## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરૂજી બીજુ બધુ ખબર જ છે.. આ રેપો રેટ અને રિવર્સ રેપોરેટ શું છે એ સમજાવો...!!!



ચૈતન્ય સ્કૂલનો વાર્ષિકોત્સવ સેક્ટર-૧૨ ઓડિટોરીયમમાં યોજાઈ ગયો. નાના બાળકોએ અવનવા નૃત્યો અને અન્ય કાર્યક્રમો રજૂ કરી સૌના મન મોહી લીધા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં બેવડી ઋતુને પગલે વાઈરલ બિમારીઓના ઘેર ઘેર ખાટલા જોવા મળી રહ્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારમાં વીજ પુરવઠો પુરતા વોલ્ટેજથી નહિ મળતો હોવાની ફરિયાદો વધી છે.
- ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ગુડ ગર્વનન્સ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં તસ્કરોનો તરખાટ યથાવત્ રહેતાં લોકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.
- માણસા તાલુકાના લોદરા ગામે ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો પોલીસે પકડી પાડ્યો છે.
- દહેગામના ધારાસભ્યની ઉપસ્થિતિમાં જેસીઆઈનો શપથવિધિ સમારોહ સંપન્ન થયો છે.
- દહેગામ શહેર ભાજપ પ્રમુખ યોગેન્દ્ર શર્માને અખિલ ગુજરાત હરિયાણા ગૌડ બ્રાહ્મણ સેવા સંગઠનના મહામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- વિધાનસભા ગૃહમાં આજે બનાસકાંઠા, પાટણ અને ગાંધીનગરના મુલાકાતીઓ વધુ જણાયા હતા.
- દહેગામના પાસુન્દ્રા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જિલ્લામાં અકસ્માતો સતત વધી રહ્યા હોવાથી ગતિ નિયંત્રણ કાયદાના અસરકારક અમલીકરણની માંગ ઉઠવા પામી છે.
- રાજ્ય સરકારે બે સનદી અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે.
- સે. ૨૮ની આરાધના વિદ્યા વિહાર ખાતે ૩૨ બાળાઓને સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલનું વિતરણ કરાયુ હતુ.
- જયસ્વાલ પરિવાર સેવા સમાજ દ્વારા પરિચય સંમેલનનું આયોજન કરાયુ હતુ.
- માણસા તાલુકાના સોજા ગામે નિઃશુલ્ક નેત્ર નિદાન અને લોહી તપાસનો કેમ્પ યોજાયો હતો.

# દહેગામ તાલુકાના ધારીસણામાં ખોદકામ વખતે પ્રાચીન જૈનમૂર્તિ મળી આવી



ગાંધીનગર, તા. ૨૦

દહેગામ તાલુકાના ધારીસણા ગામે ખોદકામ દરમિયાન એક જૈન સ્થાપત્યની મનાતી મૂર્તિ મળી આવી છે. ગામમાં આવેલ પ્રાથમિક શાળાનું મકાન જર્જરીત થતા તેને પાડી અને નવી બનાવવાના કાર્ય દરમિયાન રૂમના પાયા ખોદતા એક જૈન તીર્થંકર જેવી દેખાતી ખંડિત મૂર્તિ મળી આવતા લોકોમાં ભારે જીજ્ઞાસા જોવા મળી હતી. આજથી લગભગ ૧૫ થી ૨૦ વર્ષ પહેલા પણ આ ગામમાં ખોદકામ દરમિયાન પાંચેક જેટલી જૈન સ્થાપત્યની મૂર્તિઓ મળી આવી હતી જેને જૈનોએ અન્યત્ર ધાર્મિક સ્થળે ખસેડેલી છે. ગામની ધરતીમાં ગમે ત્યાં થોડીક ઉંડાઈએ ખોદકામ કરતાં અવારનવાર આવા પ્રાચીન અવશેષો મળી આવ્યાના કિસ્સા બની રહ્યા છે. આસપાસના ખેતરોમાં પણ આવા અવશેષો અને મૂર્તિઓ મળી આવતા રહ્યા છે. ધારીસણા ગામની જમીનમાં આમ અવારનવાર પ્રાચીન સ્થાપત્યોના અવશેષો કે મૂર્તિઓ મળી આવવાના કારણે કોઈક મોટું પ્રાચીન નગર અહીં દબાયેલું પડ્યું હોવાની વાત ગ્રામજનો કહી રહ્યા છે. જેને કારણે રાજ્યનું પુરાતત્વ ખાતુ જો અહીં રસ લઈ ઉત્ખનન કાર્ય આરંભે તો અનેક પ્રાચીન અવશેષોની સાથે સાથે પ્રાચીન લોક સંસ્કૃતિ કે જૈન ધર્મની અતિ પ્રાચીન ગાથા બહાર આવે તેવું ગ્રામજનો માની રહ્યા છે.

# કડી કેમ્પસના વિદ્યાર્થીઓ સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશન આઉટરીચ પ્રોગ્રામમાં જોડાયાં



ગાંધીનગર, તા.૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી ગાંધીનગર - સંચાલિત એમ બી પટેલ ઇંગ્લીશ મીડીયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલને નીતિ આયોગ, ભારત સરકાર દ્વારા પ્રાપ્ત થયેલ અટલ લેબમાં તાજેતરમાં આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ માટે સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશન આઉટરીચ પ્રોગામ અમદાવાદમાં વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના એનસીએસટીસીના સહયોગથી યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વી એએસ સીએસ સીના નિષ્ણાંત ટીમ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

જેમાં કાર્યક્રમ સંયોજક વિજ્ઞાની મેઘા સકલાની, કાર્યક્રમ અધિકારીઓ વિજ્ઞાની સુદક્ષિણા સેનગુપ્તા, વિજ્ઞાની રુબુલ બોહરા અને કાર્યક્રમ સહાયક વિજ્ઞાની શ્રુતિ સિંહા દ્વારા સેન્ટરની કામગીરી સંબંધી માહિતી, સાયન્સ ટેકનોલોજી ઈનોવેશન અને ભારતની એસટીઆઈપી પોલીસી, નવી શિક્ષણ નિતી, ડિઝાઈન થીંકીંગ, ભારતમાં સ્પેસ પ્રોગ્રામ સાથે માહિતગાર કરવા સહિત હાઈડ્રોજનથી રોકેટ ઉડાન કરાવી અને વિજ્ઞાનમાં ઈનોવેશન વિશે જાણકારી અને પ્રોટો ટાઈપ માટે વિદ્યાર્થીઓને નાના નાના જૂથમાં વહેંચીને હેન્ડ્સ ઓન પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને આ ટોટો ટાઈપ અને મોડેલ બનાવવાનો, શીખવાનો અને કરવાનો ખૂબ આનંદ થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન અટલ લેબ કોર્ડીનેટર સેજલ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટીથી ઈનોવેશન કેટાલિસ્ટ ઉત્કર્ષ પટેલના માર્ગદર્શન અનેઆચાર્ય અર્પિત ક્રિશ્ચિયનના સહયોગથી વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં ઈનોવેશન અને એન્ટરપ્રિન્યરશીપનો દ્રષ્ટિકોણ કેળવવાની સમજ વિકસાવવા પ્રયાસ કરાયો હતો.

# સે.૩૦માં પાઈપલાઈન માટે ખાડા ખોદયા પછી તંત્ર ગાયબ..!!



ગાંધીનગર, તા. ૨૦

સામાન્ય રીતે નાગરિક સુવિધાઓ વિકસાવવા સહિતના કોઈપણ વિકાસ કાર્યો માટે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા અને સુરક્ષા-સલામતી સહિતના આયોજનની વ્યવસ્થા કરીને કાર્ય હાથ ધરવાના હોય છે.

જોકે આપણે ત્યાં નવા વિકાસ કાર્યોના નિર્માણ જેવાં કાર્યો દરમ્યાન નાગરિકોને પડનારી અસુવિધાઓ અંગે આંખ આડા કાન કરવા તે ખૂબ સામાન્ય બાબત બની ગઈ છે. હાલ ગાંધીનગરમાં પાણીની નવી પાઈપલાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત સેક્ટર-૩૦ ખાતે રોડની સાઈડમાં ખાડા ખોદી દેવામાં આવ્યા છે પરંતુ તે ખાડા ખોદયા પછી ખાડામાંથી નીકળેલી માટીને રોડ પર નાંખી રોડ બંધ કરી દેવામાં આવ્યો છે જેના કારણે સ્થાનિક રહીશો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. છેલ્લાં બે દિવસથી સેક્ટર-૩૦માં સ્થાનિક તંત્રએ પાઈપલાઈન માટે ખાડો ખોદયા બાદ હવે તંત્ર જ ગાયબ થઈ ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને બે દિવસ પછી પણ ખાડો પુરાયો નથી.

અત્રે જાહેર રસ્તા પર જ ખોદકામ કરાતાં વાહનોની અવરજવર પણ બંધ થઈ ગઈ છે. વહીવટી તંત્ર પ્રજાની મુશ્કેલી દૂર કરવાને બદલે વધારી રહ્યું હોવાનું આ વિસ્તારના સ્થાનિક નાગરિકો અનુભવી રહ્યાં છે જેથી સત્વરે રસ્તા પરથી માટીના ઢગ હટાવાય અને કામગીરી પૂર્ણ કરીને જલ્દીથી ખાડાને પુરવામાં આવે તેવી વસાહતીઓમાં માંગ ઉઠવા પામી છે.

# ભૂપેન્દ્ર પટેલ રાજ્ય 'સ્વાગત'માં પ્રજાજનોની રજૂઆતો સાંભળશે

ગાંધીનગર,તા.૨૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યશાસનનું સેવા દાયિત્વ સતત બીજીવાર સંભાળ્યા બાદ આગામી ગુરુવારે, તા. ૨૨મી ડિસેમ્બર-૨૦૨૨ના રાજ્ય 'સ્વાગત'માં પ્રજાજનો-નાગરિકોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકોના પ્રશ્નો-રજૂઆતોના ટેકનોલોજીના માધ્યમથી નિવારણ માટે શરૂ કરેલા 'સ્વાગત' - સ્ટેટ વાઈડ અટેન્શન ઓન ગ્રીવન્સીસ થ્રૂ એપ્લિકેશન ઓફ ટેકનોલોજીની પરંપરાને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પણ સફળતાપૂર્વક આગળ ધપાવી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી ગુરુવારે તા. ૨૨મી ડિસેમ્બરે બપોરે ૩ કલાકે મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કક્ષ, સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે યોજાનારા રાજ્ય 'સ્વાગત' કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને નાગરિકો-પ્રજાજનોની રજૂઆતો સાંભળશે.



ગાંધીનગર,તા.૨૦

જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર ચિલોડા જંકશન મથક વિકસતું મોખરાનું સ્થાન ની આસપાસ મુખ્ય ધોરી માર્ગો સાથે જોડાયેલું એક માત્ર હજારો વાહનો અને લાખો મુસાફરોનીઅવરજવર હેરાફેરી માટે મુખ્ય સ્થળ પણ ઓવરબ્રીજ અને સર્વિસ રોડ ની સુવિધા હેવી વોલ્ટેજ પોલ અને લાઈટનાપોલ ની બંને બાજુ સુવિધા હવે બંધ હાલત માં છેલ્લા દોઢ માસ થી શોભના ગાંઠિયા સમાન બનતા સાંજે ૬.૩૦ વાગ્યા પછી અંધારપટ છવાઈ જતા વાહનો અને મુસાફરોને પસાર થવું મુશ્કેલીઓ વેઠવી પડે છે છાસવારે લાઈટો બંધ થતાં લોકોમાં તંત્ર સામે રોષ ઉઠવા પામ્યો છે લોકો આવે અનેક તર્કવિતર્ક કરી રહ્યા છેઅંધકાર ક્યારે દૂર થશે તેની રાહ જોઈ રહ્યા છે.

# મેટ્રો રેલ કામગીરી અન્વયે સે- ૨/૭ પાસે ટ્રાફિક જામ થતાં અકસ્માતની દહેશત

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત ના પાટનગર ગાંધીનગર શહેર માં મેટ્રો સ્ટેશન ચ-૨ પાસે બની રહ્યું છે જે આવકાર દાયક છે.પરંતુ ચ-૨ થી સેક્ટર નં ૭/૮ સુધી નો રોડ બંધ કરતાં મોટા વાહનો જેવા કે એસ.ટી.બસ, લક્ઝરી બસ,ટ્રક વિગેરે વાહનોની અવરજવર વધી જતાં ચ-૨થી ધ-૨રોડ તેમજ સેક્ટર નં ૨/૭ રોડ થી સેક્ટર ના રીંગ રોડ થી સેક્ટર ૭/૮ સુધી વાહનોની અવરજવર ચાલુ રહેતાં અકસ્માત નો ભય રહે છે.નાના-મોટા વાહનોની સાથે અકસ્માત પણ સર્જાવાની દહેશત રહે છે જેથી મોટાં વાહનો ને

ચ-૦ થી ચ-૩થીધ-૩ તરફ મોકલવામાં આવે તો અકસ્માત સર્જાય નહીં.સેક્ટર નં-૧/૨ તેમજ સેક્ટર નં ૭/૮ નાં વસાહતીઓ ને અગવડ ન પડે તે માટે

ચ -૦ થી ચ-૨ તેમજ ચ-૩ થી સેક્ટર નં ૭-૮ સુધી નો રોડ ચાલું રાખવો જોઈએ.જેથી વસાહતીઓ ને પણ તકલીફ નાં પડે. અને વાહન ચાલકો ને પણ અકસ્માત નો ભય ઓછો રહે.તેમ સેક્ટર ૨ વસાહત મંડળ ના પ્રમુખ રાજેન્દ્ર ભાઈ પારેખ એ અખબારી યાદી માં જણાવ્યું હતું.

# એક જ દિવસે યોજાનાર બે પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવા એબીવીપીનું આવેદનપત્ર

**જીપીએસસી તથા પંચાયતી વર્ગની પરીક્ષા બંનેની તારીખ ૮મીજાન્યુઆરી જાહેર કરાઇ છે : બંને પરીક્ષા આપવા માંગતા ઉમેદવારો ચિંતાતુર બન્યાં**



ગાંધીનગર, તા. ૨૦

છેલ્લાં ઘણા સમયથી રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ કોઈને કોઈ બાબતે વિવાદમાં ઢસડાતી જોવા મળે છે.

એક તરફ હજારો બેરોજગારો સરકારી નોકરી મેળવવા માટે દિવસ-રાત એક કરી રહ્યાં છે ત્યારે બીજી તરફ વારંવાર સર્જાતી મુશ્કેલીઓ તેમનું સપનું પુરુ કરવાની આડે આવી રહી છે. વિધાનસભાની ચુંટણીઓ પછી ફરી હવે ગુજરાત સરકાર દ્વારા વિવિધ ભરતી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને તે અંતર્ગત જીપીએસસી વર્ગ ૧ અને ૨ તથા પંચાયતી વર્ગ જુનીયર ક્લાર્કની પરીક્ષાઓનું આયોજન કરાયું છે જે બંને પરીક્ષા માટે યોગાનુયોગ એક જ તારીખ જાહેર કરાતાં બંને પરીક્ષાઓમાં સામેલ થવા ઈચ્છતા ઉમેદવારો અવઢવમાં મુકાઈ ગયાં છે અને ઉમેદવારોમાં નારાજગી સર્જાવા પામી છે. આ બાબતને અનુલક્ષીને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા મુખ્યમંત્રીને ઉદ્દેશીને લખેલું આવેદન પત્ર ગાંધીનગર જીલ્લા કલેકટરને આપીને મુખ્યમંત્રી દ્વારા આ વિષય પર ત્વરિત હકારાત્મક પગલા લેવામાં આવે અને પરીક્ષાની નિયત તારીખોમાં પરિવર્તન કરવા માટે માંગ કરવામાં આવી છે.

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની જાહેરાત કરવામાં આવી છે. જેમા પરિક્ષાઓ જેવી કે જીપીએસસી વર્ગ ૧ અને ૨ તથા પંચાયતી વર્ગ જુનીયર ક્લાર્કની પરીક્ષાઓ યોગાનુયોગ આગામી એક જ તારીખે તા. ૮મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ આયોજીત કરવામાં આવી છે. આ સાથે જ જીપીએસસીના વર્ગ-૨ (સિવિલ ઈજનેર) અને પંચાયતી વર્ગની તલાટી કમ મંત્રી વર્ગ-૩ની પરીક્ષાઓ તારીખ ૨૯મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ આયોજીત કરવામાં આવી છે. આ બંન્ને પરિક્ષાઓમા યુવાનો બહોળા પ્રમાણમાં પરિક્ષા આપવા ઈચ્છુક બન્યા છે, જેથી કોઈ પણ ઉમેદવાર પરિક્ષા આપવાથી વંચિત રહી ન જાય અને તેને પોતાની કારકિર્દી ઘડવાના દરેક પ્રયત્નોનો લાભ મળે તે હેતુથી વિધાર્થી હિતને ધ્યાનમા રાખીને અ.ભા.વિ.પ ગાંધીનગર જીલ્લા કલેક્ટર દ્વારા મુખ્યમંત્રી સુધી આ વિષય પર ત્વરિત હકારાત્મક પગલા લેવા અને તારીખોમાં બદલાવ કરવા માટેની માંગ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કરવામાં આવી છે.

# રાયસણ પ્રાથમિક શાળાના ૮૫માં જન્મદિવસ/સ્થાપના દિવસની ઉજવણી




ગાંધીનગર, તા. ૨૦

સદર કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર મીરાબેન પટેલ, પૂર્વસરપંચ યોગેશભાઈ પટેલ, નવા કોબા પગાર કેન્દ્રના આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિ, સી.આર.સી.સી ભગવતીબેન તથા શાળાના આચાર્ય નિહારિકાબેન વર્મા તથા શિક્ષક મિત્રો અને મોટી સંખ્યામાં ગ્રામજનો અને બાળકો જોડાયા હતા.આચાર્ય અને શાળા પરિવાર દ્વારા ખૂબ જ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સચિવાલયના સંપની પાઈપલાઈનના સાંધામાં લિકેજથી પાણીનો વેડફાટ



ગાંધીનગર, તા. ૨૦

એક તરફ શહેરમાં ભૂગર્ભ જળના સ્તર ઉંડા જઈ રહ્યાં છે જેનાપગલે પ્રકૃતિ નિષ્ણાંતો અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વારંવાર જળ બચાવવા જાહેર અપીલો કરવામાં આવે છે. રાજ્ય સરકાર પણ જળ સંચય અભિયાન અને તળાવો ઉંડા કરવા સહિત પાણી બચાવવાની વાતો કરતી હોય છે પરંતુ બીજી તરફ રાજ્ય સરકારની કચેરીઓમાં પાણીની રેલમછેલ સાથે પાણીનો વેડફાટ થતો જોવા મળે છે. પાટનગરના નવા સચિવાલય સંકુલમાં બ્લોક નં.૧૩ સામે પાણીના સંપની પાઈપલાઈનના સ?ાંધામાં લિકેજ હોવાથી સેંકડો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. આ લિકેજને અટકાવવા પાઈપલાઈનનું સત્વરે સમારકામ કરવું જરૂરી જણાઈ રહ્યું છે.




ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે પાકિટમાર ટોળકી સક્રિય થઈ છે. પોલીસના અનેક પ્રયત્નો છતાં તે પકડાતી નથી. મુસાફરોમાં જાગૃતિ આવે તે હેતુથી પોલીસે અભિયાન શરૂ કર્યુ છે. ખિસ્સા કાતરૂઓથી પોતાના મોબાઈલ અને પર્સ સાચવવાની સૂચના આપતા સ્ટીકર ઠેર ઠેર લગાવવામાં આવ્યા છે.